# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-01-2025 Day : Wednesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્ર.મંત્રી – મિશન મોસમ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે દેશને દરેક ઋતુ અને આબોહવા માટે સ્માર્ટ રાષ્ટ્ર બનાવવા માટે મિશન મૌસમનો પ્રારંભ કરાવ્યો. ભારતીય હવામાન વિભાગના 150માં સ્થાપના દિવસ નિમિત્તે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું કે મિશન મૌસમ એક ટકાઉ અને ભવિષ્ય માટે તૈયાર રાષ્ટ્રના નિર્માણ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે.**

**વિભાગની 150 વર્ષની સફરની પ્રશંસા કરતા, શ્રી મોદીએ તેને દેશમાં આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો એક ગૌરવશાળી પ્રકરણ ગણાવ્યું.**

**પ્રધાનમંત્રીએ કહ્યું કે 'બધા માટે પ્રારંભિક ચેતવણી' પહેલ દેશની 90 ટકાથી વધુ વસ્તીને માહિતી પૂરી પાડે છે. તેમણે કહ્યું કે કોઈપણ વ્યક્તિ આગામી દસ દિવસ માટે હવામાન સંબંધિત માહિતી ગમે ત્યારે મેળવી શકે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે નવી વાસ્તવિક સમયની હવામાનની માહિતી કૃષિ અને દરિયાઈ અર્થતંત્રને મજબૂત બનાવે છે. તેમજ કુદરતી આફતોની અસર ઘટાડવા માટે હવામાનશાસ્ત્રની કાર્યક્ષમતા વધારવી જોઈએ.**

**આ પ્રસંગે પ્રધાનમંત્રીએ 150 વર્ષ નિમિત્તે સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો. તેમણે હવામાન સ્થિતિ સ્થાપકતા અને આબોહવા પરિવર્તન અનુકૂલન માટે IMD વિઝન - 2047 દસ્તાવેજ પણ બહાર પાડ્યો હતો.**

---

## ઉત્તરાયણ પર્વ - ઉજવણી

ગામડાથી લઈને શહેરી વિસ્તારમાં લોકો ધાબાઓ ઉપર મ્યુઝિક સિસ્ટમ ગોઠવીને સંગીતના તાલ સાથે પતંગબાજી કરતા જોવા મળ્યા હતા. તો બીજીતરફ ભુજ સહિત જિલ્લામાં વિવિધ સ્થળોએ વન વિભાગ, પશુપાલન શાખા અને વિવિધ સંસ્થાઓના યોગદાન સાથે જીવદયા પ્રેમીઓ કરૂણા અભિયાન હેઠળ ઘાયલ પક્ષીઓની સારવારમાં વ્યસ્ત બન્યા હતા.

ખાણીપીણીના શોખીનો માટે ઊંધિયું, ફરસાણ, જલેબી, બોર તેમજ તલના લાડુની મઝા પણ માણી હતી. કચ્છમાં ઉત્તરાયણના પર્વ નિમિતે પ્રવાસીઓનો પણ ધસારો જોવા મળ્યો હતો.

ધોરડોના સફેદ રણમાં પતંગ ઉત્સવમાં દેશ વિદેશના 50 પતંગબાજોએ ભાગ લીધો હતો. જેમાં નવ અલગ અલગ દેશ અને વિવિધ રાજ્યના પતંગબાજોએ પતંગ ઉત્સવમાં ભાગ લીધો હતો.

---

## રાજય – 108 એમ્બ્યુલન્સ સેવા

રાજ્યમાં ઉતરાયણ પર્વની ઉજવણી દરમિયાન 108 એમ્બ્યુલન્સ સેવાને સાંજના 6 વાગ્યા સુધીમાં 3 હજાર 707 ઈમરજન્સી કોલ મળ્યા હતા.

108 ઈમરજન્સી સેવાના જણાવ્યા મુજબ રાજ્યમાં ગઈકાલે ઉતરાયણ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી દરમિયાન પતંગની દોરીના કારણે અનેક લોકોને ઈજા થવા પામી છે. સવારથી જ અલગ અલગ શહેરોમાં ઈમજન્સી ફરિયાદો મળતા 108 એમ્બ્યુલન્સ દોડતી રહી છે.

ઉતરાયણ પર્વ પર લોકોની સાથે સાથે અબોલ પશુ – પક્ષીઓ પણ ઈજાગ્રસ્ત થવાના બનાવમાં વધારો થયો હતો.

---

## પરીક્ષા પે ચર્ચા – ભુજની વિધાર્થિની

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં પરીક્ષા પે ચર્ચાનું આઠમું સંસ્કરણ આજે યોજાશે. આ કાર્યક્રમ માટે ગુજરાતના ત્રણ છાત્રોની પસંદગી થઇ હતી જેમાં ભુજની ઇન્દિરાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલની ધોરણ 12ની વિદ્યાર્થિની ઝાલા મિતાલીબાનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દર વર્ષે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થી, શિક્ષકો અને વાલીઓ સાથે સંવાદ કરે છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને માતા-પિતાને પરીક્ષા સાથે જોડાયેલા તણાવનો સામનો કરવા માટે પ્રેરિત કરવાનો છે.

---

## બિદડા – તાલુકા કક્ષા ખેલકુંભ

ગુજરાત રમતગમત યુવા અને સાસ્કૃતિક વિભાગ હેઠળ આવતા જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્ર ભુજ દ્વારા આયોજીત માંડવી તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ બિદડામાં વી.એમ. હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોડાયના પીઆઈ શ્રી વાઘેલાએ ખેલાડી બહેનોને શુભેચ્છા આપી જીવનમાં રમતગમતનું મહત્વ સમજાવ્યું હતું. સાયબર ક્રાઈમ વિશે માહિતી તેમજ મહિલા અભયમ હેલ્પલાઈન વગેરેથી લોકોને માહિતગાર કર્યા હતા.

---

## ઠંડી

જિલ્લામાં શિયાળાની કડકડતી ઠંડીએ જનજીવનને પ્રભાવિત કર્યું છે. ગઈકાલે નલિયામાં લઘુતમ તાપમાન 6.8 ડિગ્રી નોંધાતા રાજ્યનું સૌથી ઠંડું સ્થળ બન્યું છે, જ્યારે ભુજમાં લઘુતમ તાપમાન 10.8 ડિગ્રી નોંધાયું છે.

---